
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## દ્રવ્યનો સદુપયોગ

મનુષ્યે એકઠા કરેલા ધનનો સુદુપયોગ કરવાનો સારામાં સારો માર્ગ એ છે કે તેણે પોતે જીવે ત્યાં સુધી દિનપ્રતિદિન પોતાનાથી બને તે રીતે બીજાના કલ્યાણાર્થે તેનો ઉપયોગ કરવો. આ પ્રમાણે તેનું જીવન વધારે ઉન્નત અને વિકાસવાળું થશે. એક સમય ભવિષ્યમાં એવો પણ આવશે કે જ્યારે મનુષ્યે પોતાની પાછળ પુષ્કળ ધન મૂકી જવું એ તેની એક પ્રકારની અપકીર્તિ લેખાશે. કહેવાનો ભાવાર્થ એ છે કે પરોપકારનાં કામ પોતાની ભવિષ્યની પ્રજાને સોંપી જવા કરતાં દરેક મનુષ્યે જીવતાં જ જાતે પોતાની મિલકતનો બને તેટલો સદુપયોગ કરવો જોઈએ.

'પ્રભુમય જીવન'

પુસ્તક ૫૬
અંક ૬

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પોષ
સં. ૨૦૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૧ સુભાષિત | | ૨૫ |
| ૨ જાગો જોગી પરભાત ભયો | (પાદરાકર) | ૨૬ |
| ૩ ચૈત્યવંદન ચતુર્વિંશતિકા-સાર્થ | (પં. શ્રી. સુશીલવિજયજી) | ૨૭ |
| ૪ મૌન એકાદશીનું પર્વ અને તેને અંગેનું સાહિત્ય | (હીરાલાલ ર. કાપડીયા) | ૨૯ |
| ૫ સત્ય મિત્રતાનું સ્વરૂપ | (અનુ. શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૩૫ |
| ૬ અશુભ અને શુભ ભાવોના તુમુલ | ( ઉદ્ધૃત ) | ૩૭ |
| ૭ સ્વીકાર | | ૪૦ |


## પૂજા ભણાવવામાં આવી

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. શ્રી મૂળચંદજી ગણિવર્યની સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી માગશર વદ ૭ ને ગુરુવારના રોજ અત્રેના શ્રી દાદાસાહેબ જિનમંદિરમાં સવારના ૧૦ કલાકે પૂજા ભણાવી, આંગીરચના કરાવવામાં આવેલ. આ પ્રસંગનો સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય સદ્દગૃહસ્થોએ સારા પ્રમાણમાં લાભ લીધો હતો.

## અવસાન નોંધ.

ધ્રાંગધ્રાનિવાસી શેઠ શ્રી પરશોત્તમદાસ સુરચંદભાઇનું તા. ૧૮-૧૨-૫૮ ને બુધવારના રોજ ૭૯ વર્ષની ઉમ્મરે મુંબઈ મુકામે અવસાન થયું તેની નોંધ લેતાં અમો ઘણી દીલગીરી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થશ્રી આ સભાના પેટ્રન હતા અને તેમનો સ્વભાવ શાંત અને મીલનસાર હતો. તેમના આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.


### ખાસ વસાવવા લાયક નવા પ્રકાશનો

**જ્ઞાનપ્રદીપ** (ભાગ ૧ થી ૩) આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજૂ કરવામાં આવેલ છે. લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈનદર્શન શાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિને માટે આ ગ્રંથ ખાસ વાંચન મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવો છતાં તેની કિંમત માત્ર રૂા ૮-૦-૦ રાખવામાં આવેલ છે. (રવાનગી ખર્ચ અલગ)

**કથાદીપ**—લેખક મુનિમહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)


તત્વચિંતક મુનિમહારાજશ્રી અતિ જૂના વાર્તાસુવર્ણને નવા ઢાળ ને નવા અલંકારો સાથે રજૂ કરે છે.

'નવજીવન' ઉક્ત ગ્રંથ માટે શું કહે છે ?

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગૃહિત થએલ ૨૩ લઘુ કથાઓ આપણાં જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દૃષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચારમૌક્તિકો પણ સુવિચાર-પ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવું છે. કિંમત દોઢ રૂપિયો ( પોસ્ટેજ અલગ )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૬ મું ] સં. ૨૦૧૫ પોષ [ અંક ૩ જો

## सुभाषित

आत्मनो मुखदोषेण बध्यन्ते शुकसारिका ।
बकास्तत्र न बध्यन्ते मौनं सर्वार्थसाधनम् ॥

મેના અને પોપટને તેની વાણીના જ દોષે પાંજરામાં પુરાવું પડે છે, જ્યારે અબોલ બગલાને કોઈ પિંજરામાં પૂરતું જ નથી. મૌન જાળવવાથી સર્વ પ્રકારના અર્થ સાધી શકાય છે; બીજી રીતે કહીએ તો આ પણ 'ન બોલવામાં નવ ગુણ' જેવો જ સદ્‌બોધ છે. પણ વ્યવહારિક દૃષ્ટિએ એનો અર્થ તો એ જ રીતે ઘટાવી શકાય કે સમજ વગરનું બોલવું તેના કરતાં મૌન સેવવું એ વધારે લાભદાયક છે. આપણે કોના માટે બોલીએ છીએ, શું બોલીએ છીએ તથા ક્યાં અને ક્યારે બોલીએ છીએ એ પાંચ બાબતોનો ખાસ ખ્યાલ રાખવો એ જ ડહાપણભરેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જાગો જોગી પરભાત ભયો

( પ્રભાતી )

જાગો જોગી અલખસ્વરૂપી ભોર ભયા મત સોના રે,
બીત ગઇ અજ્ઞાન રયન, અબ જ્ઞાન જલે મુખ ધોના રે...જાગો

તિરિયા સુમતિ, પરિવાર સબ, ગુનપર્યાય તુમારા રે,
નયનિક્ષેપ સુમિત્તઃ શાંતિ ઔર સમતા ભગિની સુધારા રે...જાગો

હિલમિલ સબ તુમ દર્શન આયે, તુમ તો આતમરાયા રે,
તુમ મુખ ચાતક સબસે ખેલો, અલખ ખેલ તજ માયા રે !...જાગો

અનંતરિદ્ધિ-રસ-આત્મરમણતા, યોગ સિદ્ધિ સુખદાયા રે,
લોકાલોકકે સ્વામી તુમ હો, અમર અરૂપ અજાયા રે !...જાગો

દઢ આસનધર ધ્યાન ધારણા, શૂન્ય શિખર જા બેઠો રે,
સ્વરૂપરમન સુખ ભોગી જોગી, પરપુદ્ગલ હૈ અજીઠો રે !...જાગો

અનેકાન્ત સ્યાદ્‌વાદ માર્ગ, તુમ ચલના પ્રભુ ફરમાયા રે,
પરપુદ્ગલ કંટક મારગમેં, ચલત ફસાવત માયા રે !...જાગો

ગુનસ્થાનક આરોહ કરત ગુન, યોગી અયોગી જાના રે,
કેવલ કમલારાની મિલે, બીચ પુદ્ગલસે ન લુભાના રે !..જાગો

સિદ્ધ બુદ્ધ સુલતાન સ્વયં હો, ચૌદ રાજ કે સ્વામી રે,
ઝળહળ જ્યોતિ નિજાત્મરૂપકી, ખેલો અલખ અનામી રે !...જાગો

પ્રાતઃકાલ ઉઠ સુમરન પ્રભુકા, ત્રિવેણી તટ દે ડેરા રે,
જ્ઞાનધ્યાનમેં મસ્ત રહોજી, ભૂલકર મેરા તેરા રે !...જાગો

સદ્‌ગુરુ સુમરન ધૂપ જલાકર, આત્મ સુવાસિત કરના રે !
મનિમય જીવન સુફલ બનાદો, ફીર અવતાર ન ધરના રે !...જાગો

'પાદરાકર'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चैत्यवन्दनचतुर्विंशतिका ॥

ભાવાર્થકાર :— પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણી.

## तृतीयतीर्थंकर—

## श्रीसंभवनाथजिनेन्द्र-चैत्यवन्दनम् [ ३ ]

( स्रग्धरा )

यद्भक्त्यासक्तचित्ताः प्रचुरतमभवभ्रान्तिमुक्ता मनुष्याः,
सञ्जाताः साधुभावोल्लसितनिजगुणान्वेषिणः सद्य एव ।
स श्रीमान् सम्भवेशः प्रशमरसमयो विश्वविश्वोपकर्ता,
सद्भर्ता दिव्यदीप्तिः परमपदकृते सेव्यतां भव्यलोकाः ॥ १ ॥

જેની ભક્તિમાં આસક્તિ ચિત્તવાળા પુરુષો ઘણા ઘણા ભવભ્રમણથી મુક્ત અને ઉત્તમ ભાવથી ઉલ્લસિત એવા પોતાના ગુણના અન્વેષણમાં તત્પર એવા શીઘ્ર થયા, તે પ્રશમ-રસમય સમગ્ર વિશ્વના ઉપકારક ઉત્તમ નાયક દિવ્યદીપ્તિવાળા શ્રીમાન્ સંભવનાથ ભગવાન હે ભવ્યલોકો! પરમપદને માટે સેવો. [ અર્થાત્ મોક્ષ મેળવવા માટે એ સંભવનાથ ભગવાનની સેવા કરો. ] (૧)

शुक्लध्यानोदकेनोज्ज्वलमातिशायितस्वच्छभावाद्भुतेन,
स्वस्मादादृत्य वृत्तं शिवपदनिगमं कर्मपङ्कप्रपञ्चम् ।
नीरन्ध्रं दूरयित्वा प्रकृतिमुपगतो निर्विकल्पस्वरूपः,
सेव्यस्तार्क्ष्यध्वजोऽसौ जगति जिनपतिर्वीतरागः सदैव ॥ २ ॥

અતિશય સ્વચ્છ ભાવથી અદ્ભુત એવા શુક્લધ્યાનરૂપી પાણીથી ગાઢ કર્મરૂપી કાદવના સમૂહને દૂર કરીને પોતાની મેળે જ ઉજ્જ્વળ અને શિવપદને અપાવનાર એવા ચારિત્રને સ્વીકારીને સ્વભાવને પામેલા, નિર્વિકલ્પ સ્વરૂપવાળા અને અશ્વના ચિહ્ન-લાંછનવાળા એવા આ વીતરાગ જિનપતિ સર્વદા વિશ્વમાં સેવવા લાયક છે. (૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वार्यौ विद्योतिरत्नप्रकर इव परिभ्राजते सर्वकाले,
यस्मिन् निःशेषदोषव्यपगमविशदे श्रीजितारेस्तनूजे ।
दुष्प्रापो दुष्टसत्त्वैः स्फुटगणनिकरः शुद्धबुद्धिक्षमादिः,
कल्याणः श्रीनिवासः स भवति वदताऽभ्यर्चनीयो न केषाम् ॥३॥

સમુદ્રમાં પ્રકાશમાન રત્નના રાશિની જેમ સર્વદા જેને વિષે સમગ્ર દોષના વ્યપગમથી-(જવાથી) નિર્મળ એવા શ્રી જિતારી રાજાના પુત્રમાં ક્ષુદ્ર જન્તુથી અપ્રાપ્ય એવા શુદ્ધ બુદ્ધિ અને ક્ષમાદિ પ્રગટ ગુણોનો સમુદાય હમ્મેશાં શોભે છે, એ કલ્યાણ લક્ષ્મીના નિવાસરૂપ [શ્રી સંભવનાથ ભગવાન] કહો કે કોનાથી સેવવા લાયક નથી? અર્થાત્ સર્વથી સેવવા લાયક છે.(૩)

## चतुर्थतीर्थङ्कर—

# श्रीअभिनन्दनजिनेन्द्र-चैत्यवन्दनम् [ ४ ]

( द्रुतविलम्बित-छन्दः )

विशदशारदसोमसमाननः, कमलकोमलचारुविलोचनः ।
शुचिगुणः सुतरामभिनन्दनो, जयतु निर्मलताश्चितभूघनः ॥ १ ॥

નિર્મળ શરદ ઋતુના ચંદ્ર સમાન વદન(મુખ)વાળા, કમલના સમાન કોમળ અને મનોહર લોચનવાળા, પવિત્ર ગુણવાળા, નિર્મલતા યુક્ત દેહવાળા એવા **શ્રી અભિનન્દન-સ્વામી** અત્યંત જયવંતા વર્તો. (૧)

जगति कान्तहरीश्वरलाञ्छित-क्रमसरोरुह ! भूरिकृपानिधे ! ।
मम समीहितसिद्धिविधायकं, त्वदपरं कमपीह न तर्कये ॥ २ ॥

મનોહર શ્રેષ્ઠ કપિના (વાંદરાના) લાંછનથી યુક્ત ચરણકમળવાળા, અત્યંત દયાના નિધાન એવા, હે અભિનંદન વિભુ! વિશ્વમાં મારા મનોવાંછિતની સિદ્ધિને કરનાર આપના સિવાય બીજા કોઈને પણ માનતો નથી. (૨)

प्रवरसंवर ! संवरभूपते-स्तनय ! नीतिविचक्षण ! ते पदम् ।
शरणमस्तु जिनेश ! निरन्तरं, रुचिरभक्तिसुयुक्तिभृतो मम ॥ ३ ॥

ઉત્તમ સંવરવાળા અને સંવર રાજાના પુત્ર એવા, નીતિમાં વિચક્ષણ (નિપુણ) એવા હે જિનેશ્વર! સુંદર ભક્તિયુક્ત એવા મને આપનું ચરણ સર્વદા શરણરૂપ હો. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૌન એકાદશીનું પર્વ અને એને અંગેનું સાહિત્ય

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ )

પ્રત્યેક ધર્મના અનુયાયીઓને પોતપોતાનાં પર્વ હોય છે. એ રીતે જૈનોનાં પણ વિવિધ પર્વ છે. એમાંનું એક મહત્ત્વનું પર્વ તે ' મૌન એકાદશી ' છે. એને સંસ્કૃતમાં ' મૌનૈકાદશી ' કહે છે. આ પર્વ દર વર્ષે એક વાર આવે છે અને એ એક દિવસનું છે. એ દિવસ તે 'માગસર મહિનાના સુદ પખવાડિયાની અગિયારસ' છે.

**દોઢસો કલ્યાણકો**–એ દિવસે જિનેશ્વરોનાં દોઢ સો કલ્યાણકો થયાં હોવાથી એને ' પર્વ ' ગણવામાં આવે છે. એ કલ્યાણકોની ગણતરી નીચે મુજબ છે.

'ભરત'ક્ષેત્રની વર્તમાન ચોવીસીમાં જિનેશ્વર અરનાથનું દીક્ષા–કલ્યાણક, નમિનાથનું કેવલજ્ઞાન–કલ્યાણક અને મલ્લિનાથનાં જન્મ-કલ્યાણક, દીક્ષા-કલ્યાણક અને કેવલજ્ઞાન–કલ્યાણક એમ બધાં મળીને પાંચ કલ્યાણક થયાં. અતીત, અનાગત અને વર્તમાન ત્રણ ચોવીસીના હિસાબે એક જ ક્ષેત્રમાં પંદર થયાં. પાંચે ભરત અને પાંચે ઐરાવત એ દસે ક્ષેત્રમાં વિચાર કરતાં દોઢ સો ( ૫×૩×૧૦) કલ્યાણકો થયાં.

**ચૈત્યવંદનો**– 'મૌનએકાદશી'ને અંગે જાતજાતનું સાહિત્ય ગુજરાતી વગેરેમાં રચાયું છે. જેમકે ચૈત્યવન્દન, સ્તવન, સજ્ઝાય, થોય, સ્તુતિ અને કથા.

**આત્મકલ્યાણમાળા** ( પૃ. ૧૨૫–૧૨૬ )માં બે ગુજરાતી ચૈત્યવંદન છપાયેલાં છે. એનાં પ્રતીકાદિ નીચે મુજબ છે.–

| પ્રતીક | કડીની સંખ્યા | કર્તા |
|---|---|---|
| નેમિ જિણેસર ગુણનીલો | ૧૨ | ક્ષમાવિજય |
| શાસનનાયક વીરજી | ૯ | ,, |

આ પૈકી પ્રથમ ચૈત્યવંદનમાં નીચે મુજબની બાબતોનો ઉલ્લેખ છે.–

( ૧ ) મૌન એકાદશીને દિવસે ૯૦ તીર્થંકરનાં કલ્યાણકો થયાં છે.

( ૨ ) આ પર્વની આરાધના કરવાથી સુવ્રતશ્રેષ્ઠી સંસારસમુદ્રનો પારકપામી ગયા.

( ૩ ) આ પર્વને દિવસે રાત દિવસનો પૌષધ કરવો.

( ૪ ) ૧૫૦ કલ્યાણકોનું ગણણું ગણવું.

( ૫ ) મૌન સેવન કરવું.

( ૬ ) ઉજમણું કરવું. એને અંગે પૂંઠા અને વીંટા-ગણોનો ઉલ્લેખ છે.

દ્વિતીય ચૈત્યવંદનમાં નીચે પ્રમાણેની બાબતો દર્શાવાઇ છે.

( ૧ ) દસ ક્ષેત્રમાં ત્રણે કાળનાં ૩૦૦ કલ્યાણકો છે.

( ૨ ) એકાદશીનું ૧૧ વર્ષ આરાધન કરવું.

( ૩ ) પાઠાં, પુંજણી, ઠવણી, વીંટણાં, મશી, કાગળ અને કાઠાંનો ઉલ્લેખ છે.

**પર્વતિથિ વિગેરેનાં ચૈત્યવંદનાદિનો સંગ્રહ** નામના પુસ્તકમાં ઉપર્યુક્ત બે ચૈત્યવંદનો ઉપરાંત જ્ઞાનવિમલે ત્રણ ત્રણ કડીમાં ગુજરાતીમાં રચેલાં ત્રણ ચૈત્યવંદનો છે, એના પ્રતીક નીચે મુજબ છે–

(૧) અંગ અગિઆર આરાધીએ.

(૨) આજ ઓચ્છવ થયો.

(૩) મલ્લિ જિનવરને નમો.

આ પૈકી બીજા ચૈત્યવંદનમાં તીર્થંકરોના ત્રણ સો કલ્યાણકો મૌન એકાદશીએ થયાનો ઉલ્લેખ છે. આવી હકીકત ક્ષમાવિજયે પણ દર્શાવી છે.

**સ્તવનો**–ઉપર્યુક્ત **આત્મકલ્યાણમાળા** ( પૃ. ૨૦૨–૨૦૯ )માં ન્યાયાચાર્ય યશોવિજયગણિએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સં. ૧૭૭૨માં ખંભાતમાં બાર ઢાલમાં ગુજરાતીમાં રચેલું સ્તવન છપાએલું છે. આ સ્તવન વિષે મેં યશોદોહનમાં વિસ્તૃત માહિતી આપેલી છે એટલે અહીં તો એટલું જ કહીશ કે આ સ્તવનને કર્તાએ બારમી ઢાલની ત્રીજી કડીમાં "દોઢસો કલ્યાણકનું ગુણણું" કહ્યું છે. એ કૃતિ એમણે દિવાળીને દિવસે પૂર્ણ કરી છે.

આ સ્તવન ગૂર્જર સાહિત્યસંગ્રહ (વિભાગ ૧, પૃ. ૧૮૬-૧૯૬)માં પણ છપાવાયું છે, પરંતુ ભાષા વિજ્ઞાનના અભ્યાસોને ઉપયોગી થઇ પડે એવું સંસ્કરણ તૈયાર કરવાનું બાકી રહે છે. એ માટે તો પ્રાચીન અને વિશ્વસનીય હાથપોથીઓ એકત્રિત કરાવી જોઇએ અને મધ્યકાલીન યુગની ગુજરાતી ભાષાના વિશિષ્ટ અભ્યાસી અને સંપાદનકળાના નિષ્ણાતને કામ સોંપાવું જોઇએ,

"પર્વતિથિ વિગેરેનાં ચૈત્યવંદનાદિનો સંગ્રહ" નામના પુસ્તકમાં મૌન એકાદશીને અંગે ચાર સ્તવનો અપાયાં છે. તેનાં પ્રતીકાદિ નીચે મુજબ છે –

| ક્રમાંક | પ્રતીક | પરિમાણ | કર્તા |
|---|---|---|---|
| ૧ | દેશ સોરઠ દ્વારકા પુરી | ૫ ઢાલ | જ્ઞાનવિમલસૂરિ |
| ૨ | દ્વારકા નગરી સમોસર્યા રે | ૩ ઢાલ | કાંતિ (? કાંતિવિજય) |
| ૩ | સમવસરણ બેઠા ભગવંત | તેર કડી | *સમયસુન્દરગણિ |
| ૪ | એકાદશી તિથિ સેવીએ રે | સાત કડી | મેરૂવિજય |

આ પૈકી પહેલાં બે સ્તવનોમાં સુવ્રતશ્રેષ્ઠીનો પૂર્વભવપૂર્વકનો વૃત્તાંત છે.

ત્રીજા સ્તવનમાં કહ્યું છે કે મલ્લિનાથે દીક્ષા લીધી તે દિવસે મૌન સેવ્યું હતું. એ ત્રીજું સ્તવન વિ. સં. ૧૬૮૧ માં જેસલમેરમાં રચાયું છે.

"જૈન જ્ઞાનપ્રસારક મંડળ" તરફથી ઈ. સ. ૧૯૧૧ માં "સાર્થ પંચપ્રતિક્રમણ સૂત્ર"ના નામથી જે પુસ્તક છપાવાયું છે તેમાં પૃ. ૪૦૧-૪૦૫ માં જિનવિજયે ચાર ઢાલમાં વિ. સં. ૧૭૯૫ માં અમદાવાદમાં રચેલું અને નિમ્ન લિખિત પંક્તિથી શરૂ થતું મૌન એકાદશીનું સ્તવન છપાયું છે:–
"જગપતિ નાયક નેમિ જિણંદ, દ્વારિકા નગરી સમોસર્યા"

**સજ્ઝાયો–આત્મકલ્યાણમાળા** (પૃ. ૪૪૪-૪૪૫)માં મૌન એકાદશીની ગુજરાતીમાં રચાયેલી એક સજ્ઝાય છપાયેલી છે. એ પંદર કડીની છે. એની અંતિમ કડી કર્તા વિષે અને સાથેસાથે આ કૃતિ 'સજ્ઝાય' છે એ બાબત પ્રકાશ પાડે છે. આ રહી એ કડી:–

"શ્રી વિશાળસોમ સૂરીશ્વર પ્રભુ સુણો સ્વામીજી
તપગચ્છકેરા શિરદાર મુણિંદ;
તસ ગુરુ ચરણ કમળ નમી સુણો સ્વામીજી,
સુવ્રતરૂપ સજ્ઝાય ભણી.-૧૫"

આ સજ્ઝાયમાં નીચે મુજબ 'પંચપર્વી' નો ઉલ્લેખ છે –

(૧) બીજ, (૨) પાંચમ, (૩) આઠમ, (૪) એકાદશી અને (૫) ચૌદસ.

આ સજ્ઝાયના પ્રારંભમાં કહ્યું છે કે નેમિનાથે એકાદશી પ્રકાશી, એનો મહિમા વર્ણવ્યો અને વાસુદેવ કૃષ્ણે એ આરાધી.

"પર્વતિથિ વિગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ" નામના પુસ્તકમાં આ ઉપરાંત બે સજ્ઝાયો છે. તેમાં ઉદયરત્ને સાત કડીની સજ્ઝાય રચી છે અને એનો પ્રારંભ "આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ"થી કરાયો છે, જ્યારે બીજીના કર્તા

* એમનું આ સ્તવન **સમયસુન્દર-કૃતિ-કુસુમાંજલિ** (પૃ. ૨૪૦-૨૪૧) માં પણ છપાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનકચંદ છે અને એમાં આઠ કડી છે અને એની શરૂઆત નીચે મુજબ કરાઈ છે:—

"આજ મારે એકાદશી રે નણુદલ પ્રતિક્રમતાં પણ થાતુ"

આ અંતે સજ્ઝાયમાં નિમ્ન લિખિત પંક્તિ એક સરખી છે:—

"મારો નણુદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો"

મનકચંદકૃત ઉપર્યુક્ત સજ્ઝાયમાં પ્રતિક્રમણ વખતે સ્ત્રીઓ વાતે વળગે છે તે બાબત તેમને શિખામણ અપાઈ છે.

ઉપર્યુક્ત "સાર્થ પંચપ્રતિક્રમણ સૂત્ર"માં લબ્ધિકૃત સાત કડીની સજ્ઝાય છે. એની શરૂઆત "હવે અકાદશી ઇમ વદે"થી કરાઈ છે.

થોય-સ્તુતિતરંગિણી (ભા. ૧, પૃ. ૧૫૨-૧૬૧)માં જે ચચ્ચાર પદ્યની આ પર્વ પરત્વે દસ ગુજરાતી થોય છપાયેલી છે તેનાં પ્રતીકાદિ નીચે મુજબ –

| ક્રમાંક | પ્રતીક | કર્તા |
|---|---|---|
| ૧ | સમવસરણમાં નેમિ ભાખે | લબ્ધિસૂરિ |
| ૨ | નિરુપમ નેમિ જિનેશ્વર | માનવિજય |
| ૩ | એકાદશી અતિરૂઅડી | હર્ષગણિ(?)ના શિષ્ય |
| ૪ | વીર જિનને પૂછે ગણધારી | રાજરત્ન |
| ૫ | સેવે સંઘ જસ સુર નર | પ્રેમવિબુધ (?)ના શિષ્ય |
| ૬ | ગોયમ બોલે ગ્રંથ સંભાલી | લાલવિજય |
| ૭ | નેમીસરને શ્રીનારાયણ | હંસ (? હંસવિજય) |
| ૮ | શ્રી નેમિ જિનવર સયલ | નયવિમલ |
| ૯ | ગોપીપતિ પૂછે પભણે | કીર્તિ (? કીર્તિવિજય) |
| ૧૦ | મૌનપણે પોસહ ઉપવાસ | વિદ્યાચંદ |

**મૌનૈકાદશી** સ્તુતિ—આ નામથી ચાર પદ્યની એક સ્તુતિ આત્મકલ્યાણમાળા (પૃ. ૮૦-૮૧) વગેરેમાં તેમજ *D C G C M (Vol X1X, PT. 2, PP. 62-63)માં છપાયેલી છે. એનો પ્રારંભ "**अरस्य प्रव्रज्या**"થી કરાયો છે. એમાં અરનાથના અને નમિનાથના એકેક અને મલ્લિનાથનાં ત્રણ એમ પાંચ કલ્યાણકો વિપત્તિ દૂર કરે છે એમ કહ્યું છે.

**સ્તુતિ-સ્તુતિતરંગિણી** (ભા. ૧, પૃ. ૫૧૬-૫૧૭)માં ચાર પદ્યની 'સ્રગ્ધરા' છંદમાં સંસ્કૃતમાં **મૌનૈકાદશીસ્તુતિ** છપાયેલી છે. આનો પ્રારંભ "**श्रीमान् नेमिर्बभाषे**"થી કરાયો છે. એમાં સુવ્રત શ્રેષ્ઠીએ મૌન એકાદશી આરાધ્યાનો ઉલ્લેખ છે. વિશેષમાં એમાં ૯૦ તીર્થંકરોનાં ૧૫૦ કલ્યાણકોની સંખ્યા "બિન્દુભૂતેન્દુ"થી-શબ્દાંકથી દર્શાવાઈ છે. એવી રીતે અંતિમ પદ્યમાં અગિયારનો નિર્દેશ "શંભુ"થી કરાયો છે, કેમકે રુદ્ર અગિયાર ગણાય છે.

પ્રસ્તુત સ્તુતિ વાચનાચાર્ય ક્ષમાકલ્યાણે અહીં-સુરતમાં રચેલી વૃત્તિ સહિત "**श्रीस्तुतिसंग्रह : सावचूरिकः**"માં ઇ. સ. ૧૯૧૨માં છપાવાઇ છે. આ સ્તુતિનો ગુજરાતીમાં કોઇએ અનુવાદ કર્યો હોય અને તે છપાયો હોય તો તે વાત અત્યારે તો યાદ આવતી નથી એટલે એ કાર્ય મેં કર્યું છે. મારો એ ગુજરાતી અનુવાદ મૂળ કૃતિ સહિત અહીં રજૂ કરું છું:—

* Descriptive Catalogue of the Government Collection of Manuscripts.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" श्रीमान् नेमिर्बभाषे जलशयसविधे स्फूर्तिमेकादशीया,
माद्यन्मोहावनीन्द्रप्रशमनविशिखः पञ्चबाणार्चिरर्णः ।
मिथ्यात्वध्वान्तवान्तौ रविकरनिकरस्तीव्रलोभादिवज्रं
श्रेयस्तत् पर्व वः स्ताच्छिवसुखमिति वा सुव्रतश्रेष्ठिनोऽभूत् ॥१॥

इन्द्रैरभ्रभ्रमद्भिर्मुनिपगुणरसास्वादनानन्दपूर्णै–
र्दीव्यद्भिः स्फारहारैर्ललितवरवपुर्यष्टिभिः स्वर्वधूभिः ।
सार्धकल्याणकौघो जिनपतिनवतेर्बिन्दुभूतेन्दुसङ्ख्यो
धत्ते यस्मिन् जगे तद् भवतु सुभविनां पर्व सच्छर्महेतुः ॥ २ ॥

सिद्धान्ताब्धिप्रवाहः कुमतजनपदान् प्लावयन् यः प्रवृत्तः
सिद्धिद्वीपं नयन् धीधनमुनिवणिजः सत्यपात्रप्रतिष्ठान् ।
एकादश्यादिपर्वेन्दुमणिमतिदिशन् धीवराणां महर्ध्यं
सन्न्यायाम्भश्च नित्यं प्रवितरतु स नः स्वप्रतीरे निवासम् ॥ ३ ॥

तत्पर्वोद्यापनार्थं समुदितसुधियां शम्भुसङ्ख्याप्रमेया–
मुत्कृष्टां वस्तुवीथियभयदसदने प्राभृतीकुर्वतां ताम् ।
तेषां सव्याक्षपादैः प्रलपितमतिभिः प्रेतभूतादिभिर्वा
दुष्टैर्जन्यं त्वजन्यं हरतु हरितनुन्यस्तपादाऽम्बिकाख्या ॥ ४ ॥

આનો ગુજરાતી અનુવાદ હું નીચે મુજબ રજૂ કરું છું—

### શ્રી નેમિનાથની સ્તુતિ

(તીર્થંકરત્વરૂપ) લક્ષ્મીથી યુક્ત, મદોન્મત્ત મોહરાજાના વિનાશને વિષે બાણ (સમાન), કામદેવરૂપ વહ્નિ(ના નાશ) પ્રત્યે જળ (તુલ્ય), મિથ્યાત્વરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્યનાં કિરણોના સમુદાયરૂપ તેમજ તીવ્ર લોભરૂપ પર્વતને (ભેદવા) વિષે વજ્ર (સમાન) એવા નેમિ(નાથે) (વાસુદેવ) કૃષ્ણની સમીપ જે 'એકાદશી' પર્વના મહિમાનો વિસ્તાર કર્યો તે પ્રશંસનીય (મૌન એકાદશીનું) (પર્વ) જેમ સુવ્રતશ્રેષ્ઠીને મુક્તિના સુખને કરનારું થયું તેમ તમને થાઓ. ૧.

નેવું તીર્થંકરોનાં દોઢ સો કલ્યાણકો—આકાશમાં ભ્રમણ કરતા, તીર્થંકરના ગુણોના રસના આસ્વાદથી (ઉદ્‌ભવેલા) આનંદથી પરિપૂર્ણ તેમજ વિસ્તીર્ણ હારવડે દેદીપ્યમાન એવા ઇન્દ્રોએ, લાલિત્યથી યુક્ત અને ઉત્તમ દેહયષ્ટિવાળી દેવાંગનાઓની સાથે, નેવું જિનેશ્વરનાં દોઢ સો કલ્યાણકોના સમૂહનું જે દિવસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(પર્વ) વિષે ગાન કર્યું તે પર્વ સુભાવિકોને સમ્યક્ સુખનું કારણ બનો. ૨

આગમની સ્તુતિ–કુમતોરૂપ દેશોને ડુબાડતો, સત્યરૂપ પાત્ર(વહાણ)માં રહેલા અને બુદ્ધિરૂપ ધનથી યુક્ત એવા મુનિરૂપ વણિકોને મુક્તિરૂપ દ્વીપે લઇ જનારો, વળી ઉત્તમ *ધીવરો( બુદ્ધિશાળીઓ )ને મહામૂલ્યવાન એવું એકાદશ્યાદિપર્વ દર્શાવનારો તેમજ સમુચિત ન્યાયરૂપ જળવાળો એવો જે આગમરૂપ સમુદ્રનો પ્રવાહ પ્રવૃત્ત થયો તે ( પ્રવાહ ) પોતાના પ્રકૃષ્ટ કિનારે (અર્થાત્ પોતાની પાસે) અમને સર્વદા નિવાસ અર્પો. ૩

અંબિકાની સ્તુતિ–તે ( અર્થાત મૌનએકાદશીના પર્વના આરાધકો કે ) જેમની સદ્બુદ્ધિ રૂડી રીતે ઉદ્ભવેલી છે અને ( એથી તો ) જેઓએ પર્વના ઉદ્યાપનાર્થે અભયદાતા(તીર્થંકર)ના સદનમાં ( એટલે કે જિનચૈત્યમાં ) અગિયારની સંખ્યારૂપ પરિમાણવાળી અને ઉત્તમ એવી તે (સુપ્રસિદ્ધ) પદાર્થની શ્રેણિને મૂકે છે તેમના પ્રત્યે પ્રલપન (ખોટા બડબડાટ કરવા)-ની બુદ્ધિવાળા ( અને એથી તો જૈન ધર્મને વિષે ) પ્રતિકૂળ અને દુષ્ટ એવા નૈયાયિકોએ કરેલા અથવા દુષ્ટ પ્રેત, ભૂત વગેરેએ કરેલા ઉપદ્રવને સિંહના શરીર ઉપર ચરણ મૂકીને રહેલી એવી અંબિકા નામની ( દેવી ) દૂર કરો. ૪

અંતિમ પદ્ય વિચારતાં એમ ભાસે છે કે પ્રસ્તુત સ્તુતિ રચાઇ તે સમય ઉપર કેટલાક દુર્બુદ્ધિ નૈયાયિકોએ જૈનોની સતામણી કરી હશે.

**સ્તવન–મૌનૈકાદશી** સ્તવન–સાધુકીર્તિએ સંસ્કૃતમાં વિ. સં. ૧૬૨૪માં રચ્યું છે.

**મૌનૈકાદશીમાહાત્મ્ય**–આ સંસ્કૃત કૃતિ વીર વિજયગણિએ વિ. સ. ૧૭૭૪માં રચી છે. જુઓ જિનરત્નકોશ (વિભાગ ૧, પૃ. ૪૬૬.)

* સમુદ્રના પક્ષમાં 'ધીવર' થી 'માછી' અર્થ સમજવાનો છે.

**મૌનૈકાદશી કથા**–આ નામથી ૭ કૃતિઓ રચાઇ છે. તે પૈકી એક અજ્ઞાતકર્તૃક છે. બાકીના પાંચના કર્તાના નામ અને રચના વર્ષ નીચે મુજબ છે.

| નામ | રચનાવર્ષ |
|---|---|
| ક્ષમાકલ્યાણ | વિ. સં. ૧૮૬૦ |
| ધનચન્દ્ર ( ? દાનચન્દ્ર ) | વિ. સં. ૧૭૦૮ |
| ધીરવિજયગણિ | ? |
| રવિસાગર | વિ. સં. ૧૫૬૪ |
| સૌભાગ્યનંદિ | વિ. સં. ૧૫૭૬ |

આ પૈકી અજ્ઞાતકર્તૃક અને અજ્ઞાતસમયક એવી બે કૃતિને બાજુએ રાખતાં એમ કહી શકાય છે કે આ બધી કૃતિઓમાં રવિસાગરની કૃતિ સૌથી પ્રાચીન છે. એ કૃતિ **પર્વકથા સંગ્રહ** ( ભા. ૧ )માં છપાયેલી છે.

સૌભાગ્યનંદિકૃત કથા અનુપરામ શાસ્ત્રી દ્વારા સંપાદિત કરાવી પ્રકાશિત કરાઇ છે,

**મૌનવ્રત કથા**–ગુણચન્દ્રસૂરિએ રચેલી અને કલકત્તાથી પ્રસિદ્ધ કરાયેલી આ કૃતિ પ્રસ્તુત પર્વને અંગેની છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

**સુવ્વયરિસિકહાણય**[1]–આ જઇણમરહટ્ટી (જૈન મહારાષ્ટ્રી)માં ૧૫૭ પદ્યોમાં રચાયેલી અને પ્રારંભમાં પક્ષદીઠ બીજ, પાંચમ વગેરે પાંચ તિથિઓનું સંક્ષિપ્ત નિરૂપણ પૂરી પાડતી કૃતિ છે. એના નામ પ્રમાણે એમાં સુવ્રત શ્રેષ્ઠીનું વૃત્તાંત છે. એ "વિજયદાનસૂરીશ્વર ગ્રન્થમાલા"માં વિ. સં ૧૯૯૫માં પ્રકાશિત થયેલી છે, પરંતુ એમાં જેવી જોઇએ તેવી શુદ્ધિ જળવાઇ રહી નથી એથી એ ફરીથી છપાવવી ઘટે.

**સુવ્વયરિસિચરિય**–આ જ૦ મ૦ માં ૫૯ પદ્યોમાં રચાયેલી કૃતિ છે અને એ પણ સુવ્રત શ્રેષ્ઠીનું વૃત્તાંત રજૂ કરતી હશે એમ એનું નામ વિચારતાં લાગે છે.

૧ આ નામ અંતિમ પદ્યમાં અપાયેલું છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવવંદન–મૌન એકાદશીને અંગે ત્રણ દેવવંદન પ્રકાશિત થયેલાં છે.[૧] તેમાં રૂપવિજયકૃત દેવવંદનમાં અરનાથને અંગે ચૈત્યવંદન, થોઈ અને સ્તવનથી શરૂઆત કરી, મલ્લિનાથ અને નમિનાથને ઉદ્દેશીને ચૈત્યવંદનાદિ અપાયાં છે. આ પ્રમાણે જ્ઞાનવિમલે અને દાનવિજયે પણ એકેક દેવવંદન રચ્યું છે.

ગણણું, [૨]ઉજમણું અને વિધિ–મૌન એકાદશીને અંગેની આ ત્રણ બાબતોથી જૈન સમાજ પરિચિત હોવાથી અને ધારવા કરતાં આ લેખનું કલેવર વધી જવાથી એ વિષે હું અહીં કંઈ કહેતો નથી.

ઉપસંહાર–આ ઉપરથી જોઈ શકાશે કે મૌન એકાદશીને અંગે ગુજરાતીમાં તેમજ સંસ્કૃતમાં અને પાઇયમાં કેટલુંક સાહિત્ય રચાયું છે. એમાં ગુજરાતી સાહિત્ય નીચે મુજબ છે –

(૧) પાંચ ચૈત્યવંદનો: ક્ષમાવિજય અને જ્ઞાનવિમલસૂરિ.

(૨) છ સ્તવનો: કાંતિ, જિનવિજય, જ્ઞાનવિમલસૂરિ, મેરુવિજય, યશોવિજય ગણિ અને સમયસુન્દરગણિ.

(૩) ચાર સજ્ઝાયો: ઉદયરત્ન, મનકચંદ, લબ્ધિ અને વિશાળસોમસૂરિ (?)

(૪) દસ થોયો: કીર્તિ, નમતિમલ, પ્રેમવિબુધ શિષ્ય(?) માનવિજય, રાજરત્ન, લબ્ધિસૂરિ, લાભવિજય, વિદ્યાચંદ, હંસ અને હર્ષગણિશિષ્ય(?)

(૫) ત્રણ દેવવંદનો જ્ઞાનવિમલ, દાનવિજય અને રૂપવિજય.

સંસ્કૃત સાહિત્ય તરીકે બે અજ્ઞાતકર્તૃક સ્તુતિઓ, ક્ષમાકલ્યાણકૃત એક સ્તવન, પર્વનો મહિમા દર્શાવનારી વીરવિજયગણિકૃત કૃતિ અને મૌનૈકાદશીકથા નામની છ કૃતિઓ છે. આ કથાઓ પૈકી એક અજ્ઞાતકર્તૃક છે, જ્યારે બાકીની પાંચનાં કર્તાનાં નામ નીચે મુજબ છે ક્ષમાકલ્યાણ, ધનચન્દ્ર (દાનચન્દ્ર), ધીરવિજયગણિ, રવિસાગર અને સૌભાગ્યનંદિ.

પાઇય સાહિત્ય તરીકે સુવ્રત ઋષિને અંગે એક અજ્ઞાતકર્તૃક કથાનક અને એક અજ્ઞાતકર્તૃક ચરિત્ર છે. આ બંને પદ્યાત્મક છે. ચરિત્ર નાનકડું છે તોએ જલદી છપાવવું ઘટે.

અંતમાં હું બે બાબત સૂચવી આ લેખ પૂર્ણ કરું છું:–

(૧) 'મૌન એકાદશી' પર્વને લગતું તમામ સાહિત્ય એક જ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરાય અને તેમાં ગુજરાતી કૃતિઓ કર્તાની જ ભાષામાં અને તેમ ન જ બની શકે તો અને તેટલી હાથપોથીઓ એકત્રિત કરી લગભગ એ ભાષામાં રજૂ થાય તેવો પ્રબંધ કરાય તો જૈન પર્વો પરત્વેના સાહિત્યના એ અંશ પૂરતી તો પ્રશંસનીય સેવા કરાયેલી ગણાશે અને તેમ થતાં આધુનિક યુગના માનસને સંતોષ મળી રહેશે.

(૨) વિશેષ ગવેષણા માટે સાધનાદિના અભાવે આ લેખમાં જે કોઈ વિશિષ્ટ કૃતિની નોંધ ન લેવાઈ હોય કે કોઈ ક્ષતિ ઉદ્‌ભવી હોય તો તે સંબંધમાં યોગ્ય કરવા મારી સહૃદય સાક્ષરોને સાદર વિજ્ઞપ્તિ છે.

---

૧. જુઓ માસ્તર ઉમેદચંદ રાયચંદે ઈ. સ. ૧૯૨૭માં પ્રકાશિત દેવવંદનમાળા (પૃ. ૩૯, પા. ૨૭૪) એનાં પૃ. ૧૦૫-૧૧૬માં મૌન એકાદશીનું "ગણણું" અપાયું છે.

૨. આને અંગેના ઉપકરણોની યાદી મેં "જ્ઞાનપંચમી' પર્વ અને એને અંગેનું સાહિત્ય" નામના લેખમાં આપી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય મિત્રતાનું સ્વરૂપ

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૧૭ થી શરૂ )

એક મનુષ્યના સંબંધમાં આવું પૃથક્કરણ કરવાનો મેં યત્ન કર્યો છે. એ મનુષ્યના જીવનનો મેં દીર્ઘ સમય પર્યંત અભ્યાસ કર્યો છે. એ ઉપરથી મારી દૃઢ માન્યતા થઈ છે કે તેના વિજયના વીશ ટકા મિત્રો કરવાની તેની અદ્‌ભુત શક્તિને આભારી છે. બાલ્યવયથી જ તેણે મિત્રો કરવાની શકિતને ઘણી ખંતથી કેળવી છે અને તેને લઇને તે લોકોને તેના પ્રતિ એવા ઉત્સાહથી આકર્ષે છે કે તેને પ્રસન્ન કરવાને તેઓ ગમે તે કાર્ય કરવા તૈયાર હોય છે. જ્યારે આ માણસે તેના જીવનની શરૂઆત કરી ત્યારે તેના સહાધ્યાયીયોની મિત્રતા તેને ઉચ્ચ પદવીએ સ્થિત કરવામાં ઉપયુક્ત થઈ પડી એટલું જ નહિ પણ તેનાથી તેની ખ્યાતિમાં અસ્ખલિત વધારો થયો. બીજા શબ્દોમાં કહીએ તો તેની નૈસર્ગિક શક્તિમાં તેના અસંખ્ય મિત્રોની મદદથી અનેકગણી વૃદ્ધિ થઇ. તે જે કંઇ કાર્ય કરવા ઇચ્છે છે તે માટે તેઓનું અંતઃકરણપૂર્વક ઉત્સાહપૂર્ણ અનુમોદન મેળવવાની તેનામાં વિલક્ષણ અને ચમત્કારિક શક્તિ છે; જેને પરિણામે તેઓ હમેશાં તેનું શ્રેય સાધવાને અવિરત પ્રયત્નો કર્યા કરે છે.

પોતાના મિત્રોને ઘણા થોડા મનુષ્યો જ ઘટતું માન આપે છે. ઘણાખરા વિજયી નિવડેલા મનુષ્યો તો એમ જ ધારે છે કે અમારી અતુલ શક્તિને લઇને અમે વિજયી નીવડ્યા છીએ, અમે લડ્યા છીએ અને વિજય મેળવ્યો છે. આવા મનુષ્યો પોતાના અદ્‌ભુત કાર્યોની હંમેશાં અહંકારોક્તિ કર્યા કરે છે. તેઓ પોતાના જ ચાતુર્ય ઉપર, કુશાગ્ર બુદ્ધિબળ ઉપર, વૈદગ્ધ્ય ઉપર અને પ્રગતિમાન થવાની પોતાની શક્તિ ઉપર પોતાના વિજયનો નિક્ષેપ કરે છે, અર્થાત્ તેઓ તે સર્વ વસ્તુઓને જ પોતાના વિજયના કારણભુત માને છે, તેઓને બુદ્ધિગત નથી હોતું કે દરેક પ્રસંગે અનેક મિત્રોએ તેઓને કિંમતી મદદ કરી છે.

એક અંગ્રેજ વિદ્વાન કહે છે કે, "True friendship is like sound health, the value of it is seldom known until it is lost." સત્યમિત્રતા સંગીન તંદુરસ્તી સમાન છે, તે જ્યાંસુધી નષ્ટ થાય નહિ ત્યાંસુધી તેની કિંમત ભાગ્યેજ જાણવામાં આવે છે. તમારા મિત્રોની વર્તણુક તથા પદ્ધતિથી તમારા જીવન ઉપર અદ્‌ભુત અસર થાય છે, બની શકે ત્યાં સુધી તમારા કરતાં ઉત્કૃષ્ટ હોય તેની સાથે નિકટ સમાગમમાં આવવાનો અવિરત પ્રયત્ન કરો. તમારા કરતાં ઉચ્ચતર કોટિના મિત્રો પસંદ કરવાનો ચોક્કસ નિયમ કરો. આનો અર્થ એમ નથી કે તમારે તમારા કરતાં વધારે પૈસાવાળા લોકોના સમાગમમાં આવવાનો યત્ન કરવો. પરંતુ જેઓએ આત્મવિકાસ અને આત્મોત્કર્ષના વિશેષ સાધનોની સંપ્રાપ્તિ થઈ છે, જેઓ તમારા કરતાં વિશેષ કેળવાયલા અને સંસ્કારિત હોય છે તેવા લોકોના નિરંતર પરિચયમાં આવવાનો યત્ન કરો. જેથી કરીને જે તમને સહાય કરે તેવું હોય તેવું તેમના જીવનમાંથી તમે બને તેટલું ગ્રહણ કરી શકો. આથી તમારા આદર્શ ઉચ્ચ કરવાની વૃત્તિનો તમારામાં ઉદ્‌ભવ થશે તેમજ ઉચ્ચતર વસ્તુઓ પ્રાપ્ત કરવાને અને જગતમાં તમે પોતે કંઇક થાઓ તે માટે મહત્તર યત્નો કરવાને તમે પ્રેરાશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા યુવકોને પુષ્કળ મિત્રો કરવાની ટેવ હોય છે, પરંતુ તે મિત્રો એવા હોતા નથી કે જે તેઓને મદદગાર થઇ શકે અથવા ઉન્નતિગામી બનાવી શકે; કેમકે તેઓએ ઊંચે ચડવાને બદલે નીચે ઊતરવાનું પસંદ કર્યું હોય છે. તમારા કરતાં ઊતરતી પંક્તિના માણસો સાથે જો તમે હમેશાં સંસર્ગમાં આવશો તો ખાતરીપૂર્વક માનો કે તેઓ તમને નીચે ઘસડી જવાના અને તમારા આદર્શ તથા ઉચ્ચાભિલાષને હલકા બનાવવાના યત્નો આદરશે. આપણા મિત્રો અને પરિચિત મનુષ્યો આપણા ઉપર કેવા પ્રકારની છાપ બેસાડે છે તેનું આપણને અત્યલ્પ જ્ઞાન હોય છે. જે જે મનુષ્યોના સંસર્ગમાં આપણે આવીએ છીએ તે સૌ આપણા ઉપર ન ભુંસી શકાય એવી છાપ પાડે છે અને છાપ ફક્ત મનુષ્યના ચારિત્ર્ય જેવી જ હોય છે. જો આપણે આપણા કરતાં સારા મનુષ્યોની સાથે મિત્રતા કરવાની અને પરિચયમાં આવવાની ટેવ પાડીએ છીએ તો આપણને આત્મસુધારણા અને આત્મોન્નતિના માર્ગ પર વિચરવાની સ્વભાવિક ટેવ પડી જાય છે.

જીવનનાં ધોરણો ઊંચા રાખવા હમેશાં યત્ન કરવો. એ એક મહત્ત્વની વસ્તુ છે અને મહાન ઈચ્છાઓ ધારણ કરવાની ટેવવાળા મનુષ્યને માટે તે પ્રમાણે કરવાનું શક્ય છે એમ છતાં આપણે અસહિષ્ણુ ન થવું જોઇએ અને આપણા મિત્રો તરફથી જોઇએ તે કરતાં વિશેષ મેળવવાની અપેક્ષા રાખવી જોઇએ નહિ. એક લેખક કહે છે કે, " Take your friends more as you find them without the desire to make them live up to some ideal standard of yonr own. You may find that their standard, while different, may not be so bad after all. " એટલે કે તમારા પોતાના કોઈ આદર્શ ધોરણ પ્રમાણે તમારા મિત્રોને રહેતા કરવાની ઈચ્છા વગર તમે જેમ બને તેમ વધારે મિત્રો પસંદ કરો. તમને જણાશે કે તેઓનું ધોરણ તમારા ધોરણથી ભિન્ન હોવા છતાં એટલું બધું ખરાબ નથી.

અપરિચિત મનુષ્યોની પરીક્ષા તેઓના મિત્રોનો અભ્યાસ કરવાથી થઈ શકે છે. તે કેવી પ્રકૃતિનો મનુષ્ય છે, તે તેના વચનાનુસાર વર્તશે કે તેનું વચન અવિશ્વસનીય હશે વગેરેનું અનુમાન સહેલાઈથી કરી શકાય છે. જે માણસને કોઈની સાથે વાસ્તવિક મિત્રતા નથી એવા કોઇ માણસને જોશો તો તમને જણાશે કે તેનામાં કોઇક સ્થળે કંઇક ન્યૂનતા છે. જો તે મિત્રો મેળવવાને લાયક હોત તો તેને અવશ્ય કોઇની સાથે મિત્રતા હોત.

" પુષ્કળ મિત્રો હોવા " એ કંઇ કાલ્પનિક ઉજાણાશ નથી, પરંતુ અત્યંત કિમતી છે. પુષ્કળ મિત્રોવાળા સ્ત્રી પુરુષોને સર્વત્ર સત્કાર મળે છે અને જેની પાસે પુષ્કળ દ્રવ્ય હોય છે, એવા લોકોને અપ્રાપ્ય અને અપ્રસિદ્ધિમાં જીવનમાં વહન કરનાર મનુષ્યોએ પૂર્વે કદિ નહિ સાંભળેલા પ્રસંગો તેઓને આપવામાં આવે છે. જે માણસને એક પણ મિત્ર નથી હોતો તે ખરેખર ગરીબ છે. ગમે તેટલું દ્રવ્ય હોય તો પણ તે દ્રવ્ય મિત્રતાનું સ્થાન લઈ શકે જ નહિ. દ્રવ્ય પ્રાપ્ત કરવામાં પોતાની પ્રવૃત્તિને લઇને ગુમાવેલા મિત્રરત્નોને પુનઃ મેળવવા અનેક લક્ષાધિપતિ શ્રીમંતો પોતાની સંપત્તિના મોટા ભાગનો ભોગ આપવા તૈયાર હોય છે.

અમેરિકામાં એક શ્રીમંત માણસના હમણાં જ થયેલા મૃત્યુસમયે તેનાં સગાંસંબંધીઓ ઉપરાંત ભાગ્યે જ બીજા છ માણસોએ હાજરી આપી હતી; પરંતુ જે માણસ પાસે પોતાની પાછળ મૂકી જવા માટે માત્ર જૂજ મિલ્કત હતી તે માણસના થોડા અઠવાડિયા પછી થયેલા મૃત્યુ સમયે શોક પ્રદર્શિત કરવા આવેલા અસંખ્ય સ્ત્રી પુરુષોથી શેરીઓ અને રસ્તાઓ ઉભરાઇ ગયા હતા, આનું કારણ એ હતું કે એક કૃપણ માણસને પોતાની મિલ્કત પર જેટલો પ્રેમ હોય છે તેટલો આ માણસને તેના મિત્રો પરત્વે હતો. જે કોઇ તેને ઓળખતો હોય તે તેનો મિત્ર હોય તેમ લાગતું હતું. તેની પાસે પુષ્કળ દ્રવ્ય હોવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અશુભ અને શુભ ભાવોના તુમુલ

માણુસનું મન એ શુભ અને અશુભ વૃત્તિઓનું રણુમેદાન છે. માનવ જીવન આખુંય આ સંગ્રામમાં જ પસાર થાય છે. ઘડીમાં શુભ વૃત્તિઓ જોરમાં આવે છે તો ઘડીમાં અશુભ વૃત્તિઓ એકાએક પ્રગટે છે. અને શુભ વૃત્તિના બળવાન હલ્લાને પણુ એ ઘડીમાં ખાળી દે છે.

આ બે વૃત્તિના ઘર્ષણુ આજના કે ગઇ કાલના નથી. એ છે અનાદિ અનંતકાળના, સચરાચર સૃષ્ટિના અનાદિ જીવો આ તુમુલની લીલામાં જ ખોળિયાપલટ, જીવન–પલટ અને વિચાર–પલટના પાઠા ઉપર પલ· ટાયા કરે છે.

દાનવ પણુ એક વાર માનવ બને છે. અને તેમાંથી જ જરામાં તે મહામાનવ બની જાય છે. હા, જરૂર બની જાય, પણુ શુભ વૃત્તિઓના અકાટચ હલ્લાથી અશુભ ભાવોનો ઘ્ચ્ચરઘાણુ વાળવાનો હોય છે.

આ અશુભ ભાવોનો વિનાશ ઇચ્છવા માત્રથી નોતરાતો નથી, સ્વપ્નની ઇમારતો ચણુવાથી ઉપ· સ્થિત થતો નથી કે કલ્પનાના ગગનમાં વિહંગ બની જવાથી આવતો નથી.

એ અશુભ વૃત્તિના વિનાશનું પ્રભવ સ્થાન છે એના તરફની લાલ આંખ, એની તરફની કરડી નજર. એનો ઉદ્‌ગમ છે શુભ ભાવોના સાન્નિધ્યમાં, એ અશુભ-ભાવના વિનાશનું આગમન છે શુભ ભાવો તરફ ઉત્સાહભેર–આશાભેર કદમ બઢાવવામાં.

અશુભ ભાવનાથી મસ્ત જીવન એ સંસાર છે. એટલું જ નહી પણુ એ બંધન છે. આત્માના અનિર્વચનીય આનંદની એ અર્ગલા છે. નિરપેક્ષ· જીવનની એ ચીનગારી છે, સુખદ આંતરિક આનંદ-નું વિષ છે. માનવની વિકાસ યાત્રાની એ ભયંકર દોજખ છે.

સાંયોગિક સુખને આવકારી, એમાં લલચાવી, નિર્દોષ માનવપંખીની અનુપમ નિર્દોષિતાને, એ ખપ્પરમાં હોમી દઇને એ અશુભ ભાવો શુભ ભાવો ઉપર સંપૂર્ણ વિજય મેળવી લે છે, જે માનવ અવધૂત આનંદને અનુભવવા યોગ્ય ક્ષેત્ર મેળવી શકે છે એ જ માનવ અશુભ ભાવોની ચપાટમાં એટલો બધો પછડાઇ જાય છે કે જેથી એ માનવનું ખોળિયું જ માનવ તરીક રહે છે, એનું મન તો મહા દાનવની તુલનામાં ઊભું રહે છે.

માનવ જન્મ્યો ત્યારથી જ સજ્જન કે દુર્જન નથી હોતો, પણુ એને ય લાધતાં પ્રતિક્ષણુ પલટાતાં સંયોગો એને સજ્જન કે દુર્જન બનાવે છે.

---

કરતાં તેને પુષ્કળ મિત્રો પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમાં તે વિશેષ ગૌરવ અને મહત્તા સમ-જતો હતો. જે કોઇને પૈસાની જરૂર હોય તેને તે પોતાનું દ્રવ્ય આપવા ઇચ્છતો હતો. તેણે તેનું જીવન લેશ પણુ સંકોચ વગર, ઉદાર હૃદયે તેના મિત્રોને અર્પણુ કર્યું હતું. તે ગમે તે વખતે તેઓની સેવામાં હાજર રહેતો. આ માણુસના જીવનમાં સેવાને મર્યાદા ન હતી અથવા એવું કરવું ન હતું કે જેથી તેનામાં સ્વાર્થવૃત્તિ કે લોભદશાનું આપણુને ભાન થાય. આવા ઉદારચરિત અને આખી વસુધાને પોતાનું કુટુંબ ગણુનારા મનુષ્યના મૃત્યુથી પોતાને મહાન નુક· શાન થયું છે, એમ હજારો લોકો માને તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હા, એટલું ચોક્કસ છે કે પૂર્વ જન્મોના સંસ્કાર અસાધારણ કારણ તો છે જ, પણ છતાંય એ સંયોગોને આધીન થઈ જવા બાદ સંસ્કારો ય સંયોગાધીન બની જઇ સારા કે નઠોર બની જાય છે.

આમ શુભ અશુભ વૃત્તિઓનાં ઘર્ષણમાં પ્રત્યેક સજીવ પ્રાણી ભીંસાય છે અને પોતાનું સારું કે નરસું ગુણ-દુર્ગુણનું કલેવર ઘડી લે છે.

દુનિયાનો વર્તમાનકાલીન વ્યવહાર તો સ્વાર્થની ખેંચાખેંચ અને પાર્થિવ લાભોની આ કોઇ વાસનાઓ પ્રતિ જ આ માનવને ઢસડી જાય છે. અશુભ ભાવોનો વિજય થાય છે. ધીમે ધીમે એવું બને છે કે માનવમાં રહેલી શુભ વૃત્તિઓ વિદાય નથી લેતી પણ ક્રિયાશૂન્ય તો જરૂર બની જાય છે. અથવા સુષુપ્ત અવસ્થામાં પડી જાય છે.

અને આમ થતાં એ માનવ અશુભ ભાવોની મરૂભૂમિ બની રહે છે. ઇર્ષ્યા અદેખાઇ, ઘમંડની ત્રિપૂટી આ મરુભૂમિના સરમુખત્યાર બને છે અને આખું ય પ્રાણી જગત એ માનવની દૃષ્ટિમાં એકલા ઠપકાને પાત્ર બને છે.

કોઇ સ્થાને સુખ જણાતુ નથી, સુખના ઝરણના ઉદ્‌ગમ સ્થાનો ક્યાંય દેખાતા નથી. બાથંબાથાં અને ઢુંસાતુંસી એ જ એનું જીવન બની રહે છે.

આમ માનવ અશુભ ભાવોનું ભાથું બાંધીને સર્વત્ર ઘૂમે છે, જેવા આલંબનો મળે એ આલંબનોને વીંધી નાખવા આ ભાથામાંથી તીરો છૂટે છે. અશુભના વિષથી ભરેલા આ તીર શુભ આલંબનોને પણ વિષમય બનાવી દે છે. આમ અશુભ ભાવોથી અનેક આલંબનો ભાવિમાં થતાં જાય છે. બહુમતિ વધતી જાય છે.

શું આ માનવોમાં શુભ વૃત્તિઓ સુષુપ્ત અવસ્થામાં જ પડી રહેનારી બને છે? કે એનું ઉત્થાન ક્યારે પણ થતું હશે? આ પ્રશ્નનો ઉત્તર હોકારાત્મક છે. સુષુપ્ત શુભ વૃત્તિઓ ત્યારે જ જાગે છે જ્યારે એની સજાતીય શુભ વૃત્તિઓ પર-વ્યક્તિમાં જોવા મથે છે. સિંહનું બચ્ચું બકરીના ટોળામાં રહ્યું તો શૌર્યની લાગણી સુષુપ્ત થઇ ગઇ પણ સામેથી શૌર્યને પ્રગટ કરતી ગાત્રોને કંપાવી નાખે તેવી સિંહની ત્રાડ પડી એટલે ફલાંગો મારતું સિંહનું બચ્ચું એજ શૌર્ય સાથે દોડવા લાગ્યું. શુભ ભાવના સજાતીય રંગ મળતાં માનવનાં તેજ વધે છે અને અશુભના સજાતીય રંગ મળતાં એ તેજ પાણીના નીરની જેમ ઓસરી જાય છે, જગતમાં શુભ ભાવોની લાગણીઓ કંઇકના અશુભ ભાવોને શુભ બનાવવાં યત્ન કરે છે પણ સાથે સાથે અશુભ ભાવો પોતાનું બળ વધારવા મહાભારત યત્ન સાથે એક જ સપાટે કંઇકના શુભ ભાવો ખંખેરી નાંખે છે,

જગતના આ રંગમંડપ ઉપર ચાલતું સંક્રમણનુ નાટક જ્ઞાની પુરુષો દૃષ્ટા બનીને નીરખ્યાં કરે છે. પણ છતાં ય શુભ ભાવોનું બળ જો વધી જાય છે તો એ અશુભ ભાવોને જડમૂળથી દૂર કરી દે છે હજારો બુઝાયેલા દીપ બીજા પ્રગટેલા દીપને બુઝાવી નથી શકતા, પણ સંપૂર્ણ રીતે પ્રગટી ચૂકેલો એ ઝગમગતો એક જ દીપ એ હજારોને પ્રગટાવી દે છે. પણ દીવે ઝગમગતું રહેવું પડે એ ઝગમગાટ માટે શૌર્ય અને ખમીરનું તેલ એકપેં કરી લેવું રહ્યું. નિર્ભીકતાની વાટ અણીશુજ અખંડ રાખવી જ રહી.

આમ સુષુપ્ત સદ્‌વૃત્તિઓ જાગે છે પણ એને જગાડે છે સજાતીય સદ્‌ભાવનાઓ. માનવને પોતાની હીનતા બીજાના ઉત્કર્ષમાં દેખાય છે. એ વખતે એની સુષુપ્ત સદ્‌વૃત્તિને પર-માનવની સદ્‌વૃત્તિઓ ઢંઢોળે છે. એને જગવવા યત્ન કરે છે, ભારે દુઃખ અને પસ્તાવાની લાગણીથી માનવનું મુખ નિસ્તેજ બનેલું દેખાય છે, સાશ્ચર્યવદન સામી વ્યક્તિની અનાપ સિદ્ધિને જોઇને વીજળીના કરંટની જેમ ક્ષણભર ચોંકી જાય છે.

જો એ વખતે આ સુપુપ્ત સદ્‌વૃત્તિઓ જાગી ગઇ તો તો બેડો પાર થઇ જાય, નહિ તો ફરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછી જરાવાર જાગેલી એ સદ્દવૃત્તિઓ કુંભકર્ણના જેવી ગાઢ નિદ્રામાં પોઢી જાય છે.

ફરી દીર્ઘ કાળે એવી સજાતીય સદ્દવૃત્તિ લાધે ત્યારે ફરી આ જ સ્થિતિ થાય છે હા, પણ એક વાર મશીન જરાક સ્ટાર્ટ થાય અને ઠંડું પડી જાય પણ પાંચ-સાત વાર તેમ કરતાં આઠમી વખત જરૂર તે મશીન ચાલુ થઇ જાય છે, તેવું આ સદ્દવૃત્તિઓનું છે.

એટલું જ અહીં અનિષ્ટ ઉત્પન્ન થાય છે કે માનવની મોંઘેરી સંસાર યાત્રા આ સદ્દવૃત્તિના ઉત્થાન-માં જ પૂર્ણ થઇ જાય છે, અનેક વૈવિધ્યોથી ભરપૂર સાધનાઓ જે સદ્દવૃત્તિના ઉત્થાન બાદ જીવ-નમાં સિદ્ધ કરવાની હતી તે સિદ્ધ થઇ શકતી નથી એટલે એ એક શોચનીય હકીકત તો જરૂર બની જાય છે.

સજાતીય સદ્દવૃત્તિના પ્રથમ મિલને જ જાગેલો આત્મા જગતમાં વિભૂતિ બને છે, એ જગતને યાદ દે છે, જગતના અંધારપટને ઉલેચી નાખવા એ દીપ બને છે, હજારો બૂઝેલા દીપોને જગવવા એ દીપ આગળ વધે છે, સહુની પાસે જાય છે, પોતાની સજા-તીય સદ્દવૃત્તિના બળે એ દીપ સેંકડો દીપોને એક પછી એક ટપોટપ પ્રગટાવી દે છે. ગઇ કાલનું અંધારું જગત આજે ઝાકઝમાળના ઝબકારામાં પ્રકાશમય બની જાય છે.

અશુભ વૃત્તિઓ ઉપર સંપૂર્ણ વિજય મેળવવા ભગવાન મહાવીરદેવે ૧૨ા વર્ષ સુધી ભયંકર આંત-રિ તુમુલો ખેલ્યા, ઘોર પરિષહે અને ઉપસર્ગોની ઝડી વરસી, અસહ્ય યાતનાઓ ભૂતની જેમ પાછળ પડી, પણ એ તે મૂર્તિમાન મહાવીર હતા. એક પણ અશુભ ભાવને આત્માના એકે ય પ્રદેશમાં સ્થાન ન આપ્યું. જાગરુક બનાવી દીધેલ ડી. ડી. ટી. ના પાવડર સમી શુભ વૃત્તિએ અશુભ વૃત્તિના જંતુને મૂર્છિત જ કર્યાં એટલું જ નહિ પણ એની સત્તા જડમૂળથી ઉખેડી નાખી

અને જ્યારે શુભ ભાવોના વિજયની દુંદુભિ ૧૨ા વર્ષે વાગી, જ્યારે અનંત જ્ઞાનની મહાન બક્ષિસ પ્રાપ્ત થઈ, ત્યારે એ મહાવીરદેવે બુઝાયેલા લાખો-કરોડો દીપોને પ્રગટાવ્યા. એમને માનવોએ જ પૂજ્યા એટલું જ નહિ દેવો પણ એમના દાસ બન્યા. દેવેન્દ્રો પણ એ મહાવિજયીના ચરણો ચૂમવા લાગ્યા. અનુપમ ઐશ્વર્ય એમના લલાટે અંકાયું. અરે! આખીય પ્રકૃતિ એ અશુભ ભાવોના વિજેતા વીરની દાસ બનીને રહી. સેંકડોએ પોતાના જીવનના સુકાની બનાવ્યા. એ મહાવીર મહાગોપ બન્યા. મહાનિર્યામક બન્યા અને મહાસાર્થવાહ બન્યા. શુભ ભાવોના વિજયની મજલ-યાત્રા ચાલી. અનેક ભવ્ય પ્રાણીઓ એમાં જોડાયા. અનેક સ્વજીવનમાં અપૂર્વ વિકાસ સાધ્યો.

અશુભ ભાવોના સત્વર વિનાશના સચોટ સંશો-ધનોથી અનેકના એ અશુભ રોગો નાબૂદ થયા.

અને અનેકના આત્માના અનંત કચરા ઉલેચાઇ ગયા, અનંત પ્રકાશ પથરાયો.

આજે પણ એ અનંત પ્રકાશના બળે એ વિકટ માર્ગ ઉપર પણ શુભ ભાવોની પ્રાપ્તિ કાજે માનવો જઈ રહ્યા છે. આત્મવિકાસની એ સફળ યાત્રા આજે ય ચાલી જાય છે. મહાવીરની એ વણઝાર અનુપમ રત્નોની કોઠીઓ સાથે હલમજલ કરતી સેંકડો વર્ષોથી કદમ ભરી રહી છે. અનંતની વાટે, અનંતના ધામે, અનંતના બારણે ટકોરા દેવા.

શુભ વૃત્તિનો વિજય ભગવાન મહાવીરદેવે મેળવ્યો અને એના પરિણામે, એના પરિબળે, એ અનુપમ સાધનાએ અનેક પ્રાણીગણો શુભભાવના ઉપર વિજય મેળવી ગયા, અખૂટ આત્મસત્ત્વ મેળવ્યું. અનુપમ પુણ્યનો સંચય આ મહાત્માઓ કરી ગયા. અરે! એ જ શુભ વૃત્તિથી જાગેલા પુણ્યના પ્રાગ્ભારથી જ આજે પૃથ્વી સર્વંસહા બનીને જરાય હસ્યા વિના અનંત પ્રાણીઓને, પોતાની ગોદમાં સમાવી શકી છે. વિરાટકાય પર્વતોમાં ભભૂકતા ભયાનક લાવારસો ભારેલ અગ્નિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર

**न्यायसमुच्चय** :–વાચકશ્રી હેમહંસગણિએ શ્રી સિદ્ધહેમ વ્યાકરણ પર આ ગ્રન્થ લખેલ. તેને ન્યાયસંગ્રહ નામ આપવામાં આવેલ. તેના ચાર વિભાગ પાડવામાં આવેલ છે, જેમાં કુલે ૧૪૧ ન્યાયો આપવામાં આવેલ છે. "ન્યાયસંગ્રહ" ગ્રંથને "ન્યાયસમુચ્ચય" એવું નૂતન અભિધાન આપીને, ન્યાય જેવા દુર્ઘટ અને કઠિન ગ્રંથને સમજવા માટે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયલાવણ્યસૂરિજીએ તેના પર "સિન્ધુ" નામની ટીકા અને સાથોસાથ "તરંગ" નામનું વિવરણ સ્વતંત્ર રીતે લખી આ ગ્રંથને અભ્યસનીય અને ચિંતનીય બનાવ્યો છે. ન્યાય જાણવાના જિજ્ઞાસુ માટે આ ગ્રંથ આવકારપાત્ર છે.

શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથમાળાના ઓગણપચાસમા પુષ્પ તરીકે શ્રી વિજયલાવણ્યસૂરિ જ્ઞાનમંદિર-બોટાદ તરફથી પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેવા પૂજ્ય આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરિજી જૈન શાસનના પ્રભાવક અને ન્યાયના નિષ્ણાત છે તેવા તેમના પ્રશિષ્ય પંન્યાસશ્રી સુશીલવિજયજી ગણિ પણ છે, તે આ ગ્રંથના તેઓશ્રીના સુંદર સંપાદનકાર્યથી જણાય છે. પ્રયાસ આવકારદાયક છે. ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ આશરે ૨૭૫. નૂતન રચેલ "સિંધુ" અને "તરંગ"નું શ્લોકપ્રમાણ આશરે ૧૨૦૦૦ છે.

**अनेकान्तव्यवस्थाप्रकरणम्**—(ઉત્તરાર્ધ) ન્યાયાચાર્ય–ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર્યે નયનો આ અપૂર્વ ગ્રંથ રચ્યો હતો. જેવો ન્યાયનો વિષય ગહન છે તેવો જ નયનો વિચાર પણ તલસ્પર્શી વિચારણા અને બુદ્ધિમત્તા માગી લે છે. ઉપાધ્યાયજીના આ અપૂર્વ ગ્રંથના રહસ્યને સમજવા માટે પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયલાવણ્યસૂરિજીએ "તત્ત્વબોધિની" નામની ટીકા રચી હતી. તેનો પૂર્વ ભાગ થોડા વર્ષો પૂર્વે પ્રસિદ્ધ થઇ ગયો હતો, તેનો આ ઉત્તરાર્ધ (બીજો ભાગ) છે.

આ ગ્રંથમાં ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ચાર નયનું સ્વરૂપ, ટીકા સાથે જણાવવામાં આવ્યું છે. સપ્તભંગી, સાત નય, વિગેરે દ્વારા જ અનેકાંતવાદમય જૈન શાસનને સારી રીતે આમૂલ જાણી શકાય છે. તત્વજિજ્ઞાસુઓ માટે આ ગ્રન્થ અભ્યસનીય છે. આચાર્ય મહારાજના પટ્ટધર સુશિષ્ય પં. શ્રી દક્ષવિજયજી ગણિવર્યે પોતાની વિદ્વત્તાનો આ ગ્રંથના સંપાદનમાં સુપરિચય આપ્યો છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ચારસો. મૂલ્ય રૂા. પાંચ. પ્રાપ્તિસ્થાન–શ્રી વિજયલાવણ્યસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિર–બોટાદ

---

જેમ ભરાઇ રહ્યા છે, એ જ સાધનાના જ બળે સૂર્ય-ચંદ્ર અખંડ ગતિથી અવિરતપણે ઉદયાસ્તની ઘટમાળને જાળવી રહ્યા છે. એ જ ભવ્યતા ઉપર ઘૂઘવતા અને ઉછળતા અફાટ મહાસાગરો પૃથ્વી મૈયાંને આખી ને આખી ડુબાડી ન દેતાં મર્યાદાના મહાન સિદ્ધાંતને વળગી રહ્યા છે, અરે ! એ જ પુણ્ય સંપત્તિના જોરે ષડ્ઋતુઓ યથાકાળે પોતાનું કાર્ય જારી રાખે છે.

શુભ ભાવોનો વિજય એ આત્માનો વિજય છે. માનવનો વિજય છે, માનવતાનો વિજય છે, સમસ્ત વિશ્વનો વિજય છે.

શુભ ભાવોના વિજયથી લાધતી મહાન બક્ષીસ આત્મ-સમાધિ-આત્મ-સાક્ષાત્કાર, અનંત સુખની ઝાંખી, ચિરંજીવ મોક્ષ અને ચિરંતન બંધનથી મુક્તિ, એ ચિરંજયની પરમ સાધના છે.

આવો આપણે સહુ આ ચિરંજયની પરમ સાધના કાજે એ શુભ ભાવોની ભવ્ય સાધનાની સુરેખ સાધનામાં સાથ પૂરીએ. આપણા મનોમંદિરમાં શુભ ભાવોની રંગોળી પૂરીએ. માનવ જીવન માનવતાથી કૃતાર્થ બનાવીએ.

('સાધનાની પગદંડીએ' માંથી ઉધ્ધૃત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ગુરુવંદન ભાષ્યનો છંદોબદ્ધ (ભાષાનુવાદ) કર્તા—પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરિજીના પ્રશિષ્ય પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. પ્રકાશક શ્રી વિજયલાવણ્યસૂરિજી જૈન જ્ઞાનમંદિર–બોટાદ ક્રાઉન સોળપેજી પૃષ્ઠ આશરે ૧૫૦ મૂલ્ય રૂપિયો દોઢ.

ગુરુનું સ્વરૂપ સમજવા માટે આ ગ્રંથ ઉત્તમ ભોમિયારૂપ છે. જ્યારે આજે ભૌતિક અસર વધતી જાય છે ત્યારે સુગુરુસેવન કેટલું હિતકારક છે તે સમજવા માટે આ ગ્રંથ આવશ્યક સાધન પૂરું પાડે છે. ભાષાનુવાદકાર પં. શ્રી સુશીલવિજયજી ઉત્તમ કોટિના વિદ્વાન હોઇ તેઓશ્રીએ સ્થળે સ્થળે વિવેચન લખીને પણ આ ગ્રંથની ઉપયોગિતામાં વધારો કર્યો છે. પ્રયાસ પ્રશંસનીય અને આવકારદાયક છે.

શ્રી કુંથુજિનપૂજા–સાર્થ–રચયિતા–પં. શ્રી રામવિજયજી ગણિવર. પ્રકાશક વોરા ત્રિભુવનદાસ કાળીદાસ ભાવનગરવાળા. શાન્તાક્રુઝમાં બિરાજમાન શ્રી કુંથુનાથ ભગવાનને અનુલક્ષીને વિદ્વાન પંન્યાસશ્રી મહારાજે આ નૂતન પૂજા રચી છે. અને સાથોસાથ તેનો અર્થ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હોવાથી વાચકગણને પૂજાનો અર્થ અને રહસ્ય સમજવામાં સુગમતા રહે છે. પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજીના શિષ્ય પં. શ્રી મહારાજશ્રી રામવિજયજી ગણિવરનો આ પ્રયાસ પ્રશંસનીય છે.

———

## પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ સ્વ. મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ પ્રસંગે રચેલું કાવ્ય

રચયિતા–મુનિમહારાજશ્રી ભાસ્કરવિજયજી મહારાજ–ભાવનગર

અહો ધન્ય ભાગ્ય આજે મૂળચંદજી જયંતિ ઉજવીએ.
પંજાબ મધ્યે શીયાલકોટ ગામે, ઓશવાળ જ્ઞાતિ ખાસ,
પિતા સુખાશા માતા બકોરબા, મૂળચંદ સ્થાનકવાસી. અહો
ઉમર છોટી બુદ્ધિ મોટી, તર્ક વિતર્ક જાણે,
દેવ ગુરુ ધર્મ શ્રદ્ધાથી, સંવેગ ધર્મ પ્રમાણે. અહો
ગુરુ બુધ્ધિવિજયજી સ્વીકારી, સાચો ધર્મ ફેલાવ્યો,
તપગચ્છનો મહિમા વધારી, જગમાં ડંકો બજાવ્યો. અહો
શીહોર સંઘના પરમ ઉપકારી, તપસી બાળબ્રહ્મચારી,
રાજનગર જેવી જૈન પુરીમાં, ગુરુની કીર્તિ વધારી. અહો
સંવત બે હજાર પંદર વરસે, માગશર વદિ છઠ સાતમ સારી,
દાદાસાહેબ મધ્યે સ્વર્ગતિથિ, ઉજવી આનંદકારી. અહો
ભાવનગર આત્માનંદસભાને, ઉત્સાહ છે બહુ ભારી,
ભાસ્કર કહે મૂળચંદજી જયંતિમાં, પૂજા ભણાવી સારી. અહો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

## અનુસ્વાર અષ્ટક (હરિગીત છંદ)

હું બિંદુ સુંદર માત શારદને લલાટે ચંદ્ર શું, મુજને સદા યોજો સમજથી, ચિત્ત બનશે ઇંદ્રિ શું;
મુજ સ્થાન ક્યાં, મુજશી ગતિ જાણી લિયો રસપ્રેમથી, તો સજ્જ બનશો જ્ઞાનથી સૌન્દર્યથી ને ક્ષેમથી. ૧

તો પ્રથમ જાણો 'હું' અને 'તું'માં સદા મુજ વાસ છે, આ જ્ઞાન વિણ 'હુ-હુ' અને 'તુ-તુ' સામે ઉપહાસ છે;
હું 'કરુ'–'વાંચુ'–લખુ' જો જો એમ લખશો લેશ તો, મા ભારતીના રમ્ય વદને લાગતી શી મેશ જો. ૨

નરમાં કદી નહિ નારીમાં ના એકવચને હું રહું, હું કિંતુ નારી–બહુવચનમાં માનવંતું પદ ગ્રહું;
'બા ગયાં', 'આવ્યાં બેન મોટાં' એમ જો ન તમે લખો, 'બા ગયાં', આવ્યાં બેન મોટાં' શો પછી બનશે ડખો. ૩

ને નાન્યતરમાં તો ઘણી સેવક તણી છે હાજરી, લો, મુજ વિનાના શબ્દની યાદી કરી જો જો જરી:
સૌ મુજ વિશેષણ એક ને બહુવચનમાં રાખો મને, યાચું કૃપા આ ખાસ, મારો ભરખ ત્યાં ઝાઝો બને. ૪

'શું ફૂલ પેલું શોભતું !' જો આવું પ્રેમે ઉચ્ચરો, શાં ફૂલ પેલાં શોભતાં !' બહુવચનમાં વાણી કરો;
'મોજું નિહાળો એક નીરે, ત્યાં પછી 'મોજાં' બને, 'બમણું' ને 'તમણું' પછી 'અણગણ્યાં, કોણ કહો ગણે ? ૫

ને બંધુ, પીતાં 'નીર ઠંડું' ના મને પણ પી જતા, ને 'ઝાડ ઊંચાં' પર ચડો તો ના મને ગબડાવતાં;
'બકરા' અને બકરાં' 'ગધેડાં' ને 'ગધેડાં' એક ના, 'ગાડાં' અને 'ગાંડાં' મહીં જે ભેદ, ભૂલો છેક ના. ૬

ને જ્યાં ન મારો ખપ, મને ત્યાં લઈ જતાં ન કૃપા કરી, નરજાતિ સંગે મૂકતાં, પગ મૂકજો નિત્યે ડરી,
કો મલ્લને એવું કહ્યું જો 'ક્યાં ગયા'તાં આપ જી ? જો જો, મળે ના તરત મુક્કાનો મહા સરપાવજી. ૭

તો મિત્ર મારી નમ્ર અરજી આટલી મનમાં ધરો, લખતાં અને વદતાં મને ના સ્વપ્નમાંયે વિસ્મરો;
હું રમ્ય ગુંજન ગુંજતું નિત શાનના પુષ્પે ઠરું, અજ્ઞાનમાં પણ ડંખું-કિંતુ એ કથા નહિ હું કરું. ૮

### દોહરા

અનુસ્વારનું આ લખ્યું સુંદર અષ્ટક આમ, પ્રેમથકી પાકું ભણો પામો સિદ્ધિ તમામ. ૯
છાપે છાપે છાપજો પુસ્તક પુસ્તક માંહ્ય, કંઠ કંઠ કરજો, થશે શારદ માત સહાય. ૧૦
પાક્કો આનો પાઠ જો કરવાનો મન થાય, સૂચન એક સમર્પું તો, કમર કસી લો ભાઈ! ૧૧
નકલ કરે અષ્ટકતણી એકચિત્ત થઈ ખાસ, અનુસ્વાર એંશી લખ્યાં પૂરાં તો બસ પાસ. ૧૨

સુન્દરમ

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only